# ...અને કહ્યું કે જો તને દવા વિતરણ કરતા આવડતું હોય તો બારી ખોલી આપુ

## સે-૨૨ સરકારી આર્યુવેદિક હોસ્પિટલમાં દવા વિતરણ માટે એક જ બારીથી દર્દીઓને હાલાકી

ગાંધીનગર, તા.૨૦

સે-૨૨ માં આવેલ સરકારી આર્યુવેદિક હોસ્પિટલમાં દવા વિતરણ માટેની એક જ બારી હોવાથી અનેક દર્દીઓને હાલાકી ભોગવવી પડી રહી રહેવું પડે છે.

લાઈનમાં ઉભેલા એક દર્દીએ કર્મચારીને અમસ્તુ જ હસતા હસતાં કહ્યું કે બીજી બારી પણ ખોલી દોને તો દર્દીને પરેશાન ન થવું પડે ત્યારે



છે. તેથી એક દર્દીએ કર્મચારીને રજુઆત કરતા કર્મચારીએ જવાબ આપતા કહ્યું કે જો તને દવા વિતરણ કરતા આવડતું હોય તો બારી ખોલી આપું.

ગાંધીનગર શહેર પાટનગર હોવાથી આજુ બાજુના ગામડાના લોકો સારવાર કરાવવા માટે અહીંયા આવતા હોય છે. જેના કારણે દરેક દવાખાનાઓ દર્દીઓથી ઉભરાય છે. સે-૨૨માં આવેલ સરકારી દવાખાનાની પરિસ્થિતિ પણ આવી જ છે.

સેકટર-૨૨માં સરકારી આર્યુવેદિક હોસ્પિટલ આવેલી છે. હોસ્પિટલનું નામ અને કામ આજુ બાજુના ગામડામાં વખણાતું હોવાથી દર્દીઓ દવા કરાવવા માટે મોટી સંખ્યામાં આવે છે. પરંતુ હાલની પરિસ્થિતિ વિપરિત છે. દવાખાનામાં ડોકટરોની સંખ્યા પુરતી છે. પરંતુ દવાના વિતરણ માટે એક જ બારી હોવાથી દુર દુરથી આવતા દર્દીઓને કલાકો સુધી લાઈનમાં ઉભા કર્મચારીએ વળતો જવાબ આપતા કહ્યું કે જો તને દવાનું વિતરણ કરતા આવડતું હોય તો હું બારી ખોલી આપું. હોસ્પિટલમાં સ્ટાફની અછત હોવાથી દર્દીઓને હાલાકીનો સામનો કરવો પડે છે.

દર્દીઓએ પણ જણાવ્યું હતું કે અહીંયા ત્રણ ડોકટરો છે. તેની સામે ત્રણ દવા વિતરણ માટેની બારી હોવી જોઈએ અમે દવા લેવા માટે સવારે આવીએ કે સાંજે આવીએ દવા લેવામાં જ બે કલાક જેટલો સમય નીકળી જાય છે. ડોકટર પાસે તપાસમાં જેટલો સમય નથી થતો તેનાથી ચાર ગણો સમય દવા લેવામાં નીકળી જાય છે.

વધુમાં કહ્યું હતું કે દિવાળીનો સમય છે. ત્યારે તો ઓછામાં ઓછી દવા વિતરણ માટે એકની જગ્યાએ બે બારી કરવી જોઈએ જેના કારણે શહેરના તો ઠીક પરંતુ બહારગામથી આવતા દર્દીઓને હાલાકી ન ભોગવવી પડે.

# એલ.સી.બી.એ પાલૈયામાંથી પોણા લાખનો ઈંગ્લીશ દારૂ પકડયો

## બાતમીના આધારે મકાનમાં સંતાડેલા દારૂ સાથે બે ની ધરપકડ

ગાંધીનગર, તા. ૨૦

એલ.સી.બી. પોલીસે દહેગામ પાલૈયા હાઈવે વિસ્તારમાં ઈંગ્લીશ દારૂનો ધંધો કરતા બે ઈસમોને ઝડપી લઈ રૂ. ૭૫,૨૦૦ નો મુદ્દામાલ કબજે લીધો છે.

દિવાળીના તહેવાર દરમિયાન જિલ્લામાં પ્રોહિબિશનની પ્રવૃત્તિને નેસ્તનાબુદ કરવા જિલ્લા પોલીસતંત્ર દ્વારા સઘન પેટ્રોલીંગ હાથ ધરવામાં આવ્યું છે. આ દરમિયાન એલ.સી.બી. પી.આઈ. આશુતોષ પરમારના માર્ગદર્શન હેઠળ પેટ્રોલીંગ કરતી ટીમના પી.એસ.આઈ. એન.એન. ચાવડા, એ.એસ.આઈ. કરણસિંહ તેમજ પોલીસ કોન્સ્ટેબલ સંદિપને દહેગામ પાલૈયા વિસ્તારમાં ઈંગ્લીશ દારૂનો ધંધો થતો હોવાની બાતમી મળી હતી. જે અન્વયે પોલીસે આ હાઈવે પર સ્થિત જયશ્રી બહુચર તાર ફેન્સીંગનો ધંધો કરતા પ્રહલાદ વાગરી તેમજ ભરત જયંતિ મુનારાના ઘરે પાલૈયા ગામમાં રેઈડ કરી હતી. આ દરમિયાન પોલીસને ઘરમાં સંતાડેલી જુદી જુદી બ્રાન્ડની ઈંગ્લીશ દારૂની બોટલ નંગ-૧૮૮ તેમજ બિયરના ટીન નંગ ૯૬ મળી કુલ ૭૬,૨૦૦નો મુદ્દામાલ કબજે લીધો હતો. પોલીસ આ બન્ને આરોપીઓની ધરપકડ કરી વધુ કાર્યવાહી માટે દહેગામ પોલીસને સોંપી દીધા હતા.

# ખેતરમાંથી મળેલો દારૂનો જથ્થો રીટાયર્ડ કર્નલના દિકરાનો હતો

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર એલસીબીની ટીમે ગઈકાલે બાતમીના આધારે માણસા નજીક આવેલા સમૌ ગામમાં દરોડો પાડીને ખેતરમાં દાટેલો વિદેશી દારૂ-બિયરનો મોટો જથ્થો પકડી પાડ્યો હતો. રાત્રે આ ગુનાના આરોપીની ધરપકડ કરી લેવામાં આવી હતી. આરોપી શખ્સ રીટાયર્ડ કર્નલનો દિકરો હોવાનું પોલીસ દ્વારા જાણવા મળ્યું છે.

એલસીબીની ટીમે ગઈકાલે સમૌ ગામમાં એક ખેતરમાંથી દારૂ-બિયર પકડ્યો હતો. ખેતરમાં પાવડા મારીને અંદર દાટેલી ૨૨૨ દારૂની બોટલ અને ૩૬ બિયરના ટીન નિકાળી એલસીબીની ટીમે ૩૧ હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આ ગુનામાં માણસાના હરણા-ઓડા ગામનો શેતાનસિંહ બળવંતસિંહ ચાવડા વોન્ટેડ હતો. શેતાનસિંહની ગઈ રાત્રે પોલીસે ધરપકડ કરી લીધી હતી. એલસીબી પી.આઈ. આશુતોષ પરમારના જણાવ્યા મુજબ આરોપીનો પિતા બળવંતસિંહ આર્મીમાંથી કર્નલ પદેથી નિવૃત્ત થયેલા છે.

# પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અર્જુન મોઢવાડીયાનું આધુનિક ગણિત કાચુ લાગે છે : વિરાભાઈ પટેલ

ગાંધીનગર, તા. ૨૦

સમગ્ર સૌરાષ્ટ્રમાં ભારે ઈંતિજાર જગાવનાર ૬૯ રાજકોટ પશ્ચિમની ધારાસભાની પેટા ચૂંટણીનું પરિણામ આજે આવતા ભાજપની આ પરંપરાગત બેઠક વિજય રૂપાણીએ ૨૩,૭૪૦ મતે જાળવી રાખી છે. જ્યારે કોંગ્રેસના ઉમેદવાર જયંતિભાઈ કાલરીયાનો પરાજય થતા મતદારોએ કોંગ્રેસનો પરિવર્તનનો આફરો ઉતારી દીધો હતો.

પેટા ચૂંટણીના આ પરિણામ બાદ પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ અર્જુનભાઈ મોઢવાડીયાએ આ બેઠક ઉપર છેલ્લી વિધાનસભાની ત્રણ ચૂંટણીમાં ભાજપના ઉમેદવારે જે સરસાઈ મેળવેલ છે તેમાં ઘટાડો થયો છે. તેવી પ્રતિક્રિયા આપી હતી. જે અંગે ગાંધીનગરના અગ્રણી અને નિવૃત્ત કર્મચારી વિરાભાઈ પટેલે મોઢવાડીયાનું આધુનિક ગણિત કાચુ લાગે છે દેશી ગણિતના નિષ્ણાંત જણાય છે તેવું પોતાનું મંતવ્ય આપ્યું હતું અને બેઠકની સરસાઈ અંગેના કેટલાક આંકડા રજુ કર્યા હતા.

વિરાભાઈ પટેલે મોઢવાડીયાને સાવ સાદુ અને સીધુ ગણિત સમજાવતા સરસાઈના આધાર મુજબ થયેલ મતદાનના આંકડા ઉપર અવલંબિત કેટલાક તારણો કાઢ્યા હતા અને વર્ષ ૨૦૧૨ માં થયેલ મતદાન કરતા વર્ષ ૨૦૧૪ માં ઓછુ મતદાન થયું હોય તો સરસાઈમાં આંશિક ઘટાડો થાય તે સ્વાભાવિક છે. આ બાબત આઠમા ધોરણમાં અભ્યાસ કરતો વિદ્યાર્થી પણ સમજી શકે તેમ છે. ખરેખર તો જિતેલા ઉમેદવાર અને બીજા નંબરે રહેલ ઉમેદવાર આમ આ બન્ને ઉમેદવારને મળેલ કુલ મતોની સામે જિતેલા ઉમેદવારનો મળેલ સરસાઈ કેટલા ટકા છે તેને લક્ષે લઈ વધુ ઘટતી સમીક્ષા કરવી જોઈએ તેમ જણાવ્યું હતું અને અર્જુન મોઢવાડીયા બાલિશ નિવેદન આપવાનું બંધ કરે અને સોનિયા ગાંધી તેમજ રાહુલ ગાંધીએ નિખાલસપણે હારનો સ્વીકાર કરી ભાજપના રાષ્ટ્રીય નેતાઓને અભિનંદન આપ્યા તે મુજબ નિખાલસ બને તેમ વિરાભાઈ પટેલે પોતાનું મંતવ્ય રજુ કર્યુ હતુ.

| | ૨૦૧૨ | ૨૦૧૪ |
|---|---|---|
| ભાજપના મત | ૯૦૪૦૫ | ૮૧૦૯૨ |
| કોંગ્રેસના મત | ૬૫૪૨૭ | ૫૭૩૫૨ |
| બન્નેના મળેલ કુલ મત | ૧,૫૫,૮૩૨ | ૧,૩૮,૪૪૪ |
| વિજેતા ઉમેદવારની સરસાઈ | ૨૪૯૭૮ | ૨૩૭૪૦ |
| સરસાઈના ટકા | ૧૬.૦૨% | ૧૭.૧૪% |

આમ ૨૦૧૨ કરતા ૨૦૧૪ માં વિજેતા થયેલ ઉમેદવારની સરસાઈમાં ૧.૧૨ ટકા નો વધારો થયેલ છે.

# સરકારી આવાસોમાંથી ચોરી કરતી ત્રિપુટી ઝડપાઈ

## બારીની ગ્રીલ-સહીતનો રૂ. ૧૦,૬૦૦નો ચોરીનો માલ જપ્ત : ત્રણ પૈકી એક શખ્સ અગાઉ ૪૦ મોબાઈલ ચોરીમાં પકડાયો હતો

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર શહેરમાં સ્થિત નિકાલ હેઠળના બંધ પડી રહેલા સરકારી આવાસોમાં લગાવાયેલી બારીની ગ્રીલ ઉપરાંત કઠેરા સહીતનો માલ સામાન ચોરી કરતી ત્રીપુટી ગેંગને ગાંધીનગર એલસીબીની ટીમે ઝડપી પાડી છે. રૂ. ૧૦,૬૦૦ના ચોરીના માલ સાથે ત્રણેયની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ત્રણ પૈકી એક શખ્સ તો એકાદ વર્ષ અગાઉ સે-૭ પોલીસ સ્ટેશનના ૪૦ મોબાઈલ ચોરીના ગુનામાં પણ પકડાયેલો હોવાનું જાણવા મળ્યું છે.

ગાંધીનગર ડીએસપી શરદ સિંઘલની સુચનાથી એલસીબી પીઆઈ આશુતોષ પરમાર તથા તેમની ટીમ મિલ્કત સંબંધીત ગુનાઓ ડિટેકટ કરવા સઘન પેટ્રોલીંગ કરવા ઉપરાંત બાતમીદારો સક્રીય કર્યા છે. ગાંધીનગર શહેરમાં તેમની ટીમ પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન બાતમી મળી હતી કે સે-૧૨માં ઉમિયા માતાના મંદિર સામે જંગલખાતાની ઝાડીમાં લોખંડની પાઈપો કોઈ ત્રણ શખ્સો લઈ જઈ રહ્યા છે જેને આધારે ત્યાં પહોંચી જઈને સે-૭ કેટેગરી જ-૨ ના બંધ મકાનોના ધાબે રહેતા મહેશ ઉર્ફે રાવડી રામા પ્રજાપતિ, અમરસિંગ ઉર્ફે ગુટ્ટો ઠાકોર અને રણજીત મહેશ દંતાણી ત્રણેય શખ્સો લોખંડની પાઈપો સાથે પકડાઈ ગયા હતાં. સઘન પુછપરછ કરતાં આ ઝાડીમાં ૧૫ કઠેરા પણ છુપાવેલા હતા તે મળી આવ્યા હતા તે સે-૭નાં સરકારી બંધ મકાનોના ગેલેરીના હોવાનું બહાર આવતા રૂ. ૧૦,૬૦૦નો માલ જપ્ત કરીને ત્રણેયની ધરપકડ કરી સઘન પુછપરછ શરુ કરી છે. જે પૈકી રણજીત દંતાણી એકાદ વર્ષ પહેલા ૪૦ થી ૪૫ મોબાઈલની ચોરીના ગુનામાં સે-૭ પોલીસ મથકમાં પકડાયેલો છે. તે ઉપરાંત અમરસિંહ ઠાકોર ત્રણેક વર્ષ પહેલા ભંગાર ચોરીના ગુનામાં પકડાયેલો હતો.

# દિવાળી પર્વમાં સાવચેત-સુરક્ષિત રહેવા પોલીસનો શુભેચ્છા સંદેશ

## જિલ્લા પોલીસ અધિક્ષક સિંઘલે દિવાળી ગ્રીટીંગ્સના માધ્યમથી નાગરિકોને જાગૃતિ કેળવવા અપીલ કરી

ગાંધીનગર, તા.૨૦

દિવાળીના પર્વ દરમિયાન આમ નાગરિકોની સુરક્ષાને અનુલક્ષી જિલ્લા પોલીસ તંત્ર દ્વારા નૂતન વર્ષાભિનંદનના દિવાળી ગ્રીટીંગ્સના માધ્યમથી શુભેચ્છા સાથે નગરજનોમાં જાગૃતિ કેળવાય તેવો અભિગમ અપનાવાયો છે. જિલ્લા પોલીસ અધિક્ષક કક્ષાએથી આ અન્વયે ખાસ પ્રકારના દિવાળી કાર્ડનું વિતરણ પણ કરવામાં આવી રહ્યું છે.

દિવાળીના પર્વ દરમિયાન નાગરિકોની સલામતી જોખમમાં ન મુકાય તેમજ પર્વની ઉજવણી આનંદ ઉલ્લાસ પૂર્ણ વાતાવરણમાં થાય તે માટે જિલ્લા પોલીસ તંત્ર દ્વારા દિવાળી કાર્ડના માધ્યમથી શુભેચ્છા પાઠવવાની સાથે નાગરિકો સલામતી અંગે જાગૃત થાય તેવો અભિગમ અપનાવાયો છે. જિલ્લા પોલીસ અધિક્ષક શરદ સિંઘલે દિવાળી દરમિયાન જિલ્લા વાસીને સાવચેત અને સુરક્ષિત રહેવા શુભેચ્છા કાર્ડમાં જરુરી સૂચનો રજૂ કર્યા છે. જેમાં બહારગામ જતા બંધ ઘર અંગે પોલીસ સ્ટેશનને જાણ કરવા, ઘર યોગ્ય રીતે બંધ કરી દરવાજાના લોકમાં ઈલેકટ્રોનિક એલાર્મ સિસ્ટમ ફીટ કરાવવા પણ સૂચવાયું છે. કીંમતી દાગીના અને રોકડ રકમ ઘરમાં ન રાખી બેંક કે લોકર જેવા સુરક્ષિત સ્થળે રાખવા સૂચવાયું છે.

ખરીદી દરમિયાન પણ રોકડ રકમ સાથે રાખવાના બદલે એટીએમ કે અન્ય પેકીંગ સગવડનો ઉપયોગ કરવા જણાવાયું છે. ભીડભાડ વાળી જગ્યાએ ખરીદી કરતી વેળાએ દાગીના તેમજ રોકડ રકમની કાળજી લેવા- પૈસાની લેવડ દેવડ વેળાએ કોઈ વૉચ નથી રાખતું તે અંગે એલર્ટ રહી જરુર પડે તો પોલીસને જાણ કરવા પણ નાગરિકોને સૂચવાયું છે. છેવાડાના વિસ્તારમાં બંધ મકાનમાં લાઈટ હંમેશા ચાલુ રાખવા અને બેંક એકાઉન્ટ અંગેની માહિતી માંગતા કોલ કે ઈમેલનો જવાબ ન આપવા પણ નાગરિકોને જાગૃતતા દાખવવા જણાવાયું છે. પોલીસના નામે ઘરેણાં ઉતરાવતી ટોળકીઓથી સાવધ રહેવા પણ સૂચવાયું છે. વધુમાં ફટાકડા ફોડતી વેળાએ અકસ્માત ન થાય તે અંગેની કાળજી રાખવા બાળકો સાથે મોટા વ્યકિતઓએ સાથે રહેવા પણ જણાવાયું છે.

# ‘શબ્દસૃષ્ટિ’ વ્યાખ્યાનમાળામાં જાણીતા કવિ જવાહર બક્ષીનું વ્યાખ્યાન યોજાયું

ગાંધીનગર, તા. ૨૦

ગુજરાત સાહિત્ય અકાદમી અને ગાંધીનગર દ્વારા ગુજરાતી




ભાષાના આદ્ય કવિ નરસિંહ મહેતાની ૬૦૦ મી જન્મજયંતિ નિમિત્તે તા. ૧૯-૧૦-૨૦૧૪ ને રવિવારે સાંજે ૫.૩૦ કલાકે ગુજરાતી સાહિત્ય પરિષદ અમદાવાદ ખાતે ‘શબ્દસૃષ્ટિ વ્યાખ્યાન માળા’ અંતર્ગત ‘બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે....’ નરસિંહ મહેતાની અદ્‌ભુત કાવ્યસૃષ્ટિ પર જાણીતા કવિ જવાહર બક્ષીએ એક અદ્‌ભુત વ્યાખ્યાન આપ્યું. જેમાં તેમણે નરસિંહ મહેતાના જન્મ સંદર્ભની ચર્ચા કરીને તેમની કવિતાઓને, પદોને એક નવા જ અર્થ સાથે, નવા ચિંતન સાથે ભાવકો સમક્ષ મુકી આપ્યા હતા. નરસિંહ મહેતાના પદોમાં રહેલા વિવિધ રસોના રસમાધુર્યથી તમામ ભાવકોને રસ તરબોળ કર્યા હતા. આ પ્રકારનું વ્યાખ્યાન પહેલી વાર સાંભળવા મળ્યું. આ પ્રસંગે યુવક સેવા અને સાંસ્કૃતિક વિભાગના સચિવ અને જાણીતા કવિ ભાગ્યેશ જહાએ પણ પ્રાસંગિક વકતવ્ય અને કવિની ઓળખ કરાવતા કહ્યું હતું કે, જવાહર બક્ષી ગઝલના ધ્રુવતારક છે. નરસિંહ મહેતા સાથે એમનો ડીએનએ સંબંધ છે. આજે રવિવારે દિવાળીની કરીદીનો સમય હોવા છતાંય સૌ ખરીદી પડતી મુકીને પોતાના મનની તિજોરી ભરવા અહીં આવ્યા છે. અકાદમીના મહામાત્ર ચેતન શુક્લએ મુખ્ય વક્તા અને કવિ જવાહર બક્ષી તથા સચિવ અને કવિ ભાગ્યેશ જહાનું પુષ્પગુચ્છ અને પુસ્તકોથી સ્વાગત કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન મનોજ શુકલએ કર્યું હતું. આ વ્યાખ્યાનમાળામાં સર્જકો અને ભાવકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# જલારામ જયંતિની શાનદાર ઉજવણી કરવામાં આવશે

ગાંધીનગર, તા. ૨૦

સેક્ટર-૨૯ ખાતે આવેલ જલારામ ધામ દ્વારા જલારામ જયંતિનું તથા સ્નેહમિલનનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. તમામ ધર્મ પ્રેમી જનતાને આ સ્નેહમિલનમાં પધારવા માટે હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. સાથે-સાથે નૂતન વર્ષની હાર્દિક શુભકામનાઓ પણ પાઠવવામાં આવી છે.

જલારામ ધામ ખાતે દર વર્ષે જલારામ જયંતિની ઉજવણી કરવામાં આવે છે. આ વર્ષે પૂ. જલારામ બાપાની ૨૧૫ મી જન્મ જયંતિ નિમિત્તે જલારામ સેવા સમાજ દ્વારા જન્મ જયંતિની ભવ્ય ઉજવણી તથા સ્નેહ મિલનનું આયોજન કરવામાં આવ્યું છે. સ્નેહ મિલનની ઉજવણી તા. ૨૪-૧૦-૨૦૧૪, શુક્રવાર, કારતક સુદ-૧ ના રોજ સવારે ૯ થી ૧૧ કલાક દરમ્યાન રાખવામાં આવી છે. જેમાં તમામ ધર્મપ્રેમી જનતાને આમંત્રિત રહેવા માટે ખાસ નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે. આ ઉપરાંત જલારામ જયંતિની ઉજવણી તા. ૩૦-૧૦-૨૦૧૪, ગુરૂવાર, કારતક સુદ-૭ ના રોજ જલારામ ધામ ખાતે જ રાખવામાં આવેલ છે. જલારામ જયંતિ નિમિત્તો દર્શન તથા મહાઆરતીના સમયને બદલવામાં આવ્યો છે જેની ખાસ નોંધ લેવી.

શ્રી જલારામ જયંતિ ૩૦-૧૦-૨૦૧૪, ગુરૂવારે અખંડ ધૂન - સવારે ૬.૩૦ થી ૬.૪૫ કલાકે, શોભાયાત્રા - સવારે ૮.૦૦ કલાકે જલારામધામ સે. ૨૯ થી નીકળી શ્રી ભોજલરામ મંદિર, પૂ. બાપુની પૂજનવિધિ : સવારે ૮.૩૦ કલાકે, અન્નકુટ દર્શન - સાંજે ૪.૦૦ થી રાત્રે ૯.૦૦ કલાક સુધી, મહાઆરતી - સાંજે ૬.૪૫ કલાકે, શુભેચ્છા પ્રદાન - વીરપુર જતાં પદયાત્રીઓનું અભિવાદન સાંજે ૭.૦૦ કલાકે, મહાપ્રસાદ - સાંજે ૭.૧૫ કલાકે. તમામ ધર્મપ્રેમી જનતાને આ બન્ને દિવસે જલારામ ધામ સેક્ટર-૨૯ ખાતે પધારવા નિમંત્રણ પાઠવવામાં આવે છે.

## કાળી ચૌદશે સે-૨ બાલાહનુમાનજી મંદિરે મહાઆરતી

ગાંધીનગર, તા.૨૦

બાલા હનુમાનજી મંદિર સેકટર-૨ ખાતે દિવાળી પર્વને લઈને વિવિધ કાર્યક્રમ યોજવામાં આવશે. કાળી ચૌદશ સવારે ૯-૦૦ વાગે અન્નકૂટના દર્શન કરાવવામાં આવશે. સાંજે ૭.૧૫ કલાકે ૧૦૮ દિવડાની રામનામની અને ૭.૩૦ કલાકે હનુમાનજી દાદાની મહાઆરતી કરવામાં આવશે. ધાર્મિક કાર્યક્રમમાં નગરજનોને પધારવા ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૪૧
સૂર્યાસ્ત : ૬.૧૦

## તાપમાન

મહત્તમ : ૩૬.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૧.૨ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૫ ટકા ● સાંજે ૪૫ ટકા

## મનોરંજન

### સીટી પલ્સ

: સ્ક્રીન-૨ :

બેંગ બેંગ : ૩.૪૫,૧૦.૦૦

: સ્ક્રીન-૩ :

બેંગ બેંગ : ૧૦.૦૦

ડ્રેક્યુલા અનટોલ્ડ (અંગ્રેજી) : ૧૨.૪૫, ૩.૪૫, ૫.૪૫, ૯.૪૫

મુંબઈ ૧૨૫ કિ.મી. (૩ડી) : ૭.૪૫

: સ્ક્રીન-૪ :

સોનાલી કેબલ : ૧૨.૦૦, ૪.૩૦, ૭.૦૦

મુંબઈ ૧૨૫ કિ.મી. (૨ડી) : ૨.૩૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૫ :

મુંબઈ ૧૨૫ કિ.મી. (૨ડી) : ૧૦.૦૦

બેંગ બેંગ : ૧૨.૪૫, ૬.૩૦

હૈદર : ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૨ :

મુંબઈ ૧૨૫ કિ.મી. : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

સ્ક્રીન-૩ :

સીટી ઓફ ડ્રીમ : ૧૧.૪૫, ૫.૦૦, ૧૦.૦૦

બેગ-બેગ : ૨.૦૦, ૭.૦૦

## આપની આજ

**મેષ** : તમારા આત્મવિશ્વાસમાં વધારો થશે. ભાગીદારથી લાભ પ્રાપ્ત થવાની સંભાવના છે. આર્થિક ક્ષેત્રમાં વિવાદિત કાર્યોનો હલ કરવા માટે યાત્રા-પ્રવાસ થઈ શકે છે.

**વૃષભ** : કાર્યમાં સમયને મહત્વ ન આપવાને કારણે માનસિક કલેશ થઈ શકે છે. વધુ પ્રયત્ન કરવો પડશે. વિવાદિત કાર્યોમાં સફળતા પ્રાપ્તિ થઈ શકે છે.

**મિથુન** : વિશિષ્ટ ભાગ્યવર્ધક ધાર્મિક કાર્યોના આયોજનો થઈ શકશે. સામાજિક સમસ્યાઓમાં સહયોગ પ્રાપ્ત કરવો પડશે. આર્થિક કાર્યો માટે વિશેષ યાત્રાઓ થઈ શકે છે.

**કર્ક** : કૌટુંબીજનોના સાથ સહકાર- પ્રેમથી મન પ્રસન્નતા પ્રાપ્ત થશે. મિત્રોનાં સહયોગથી કાર્યમાં સફળતા મળવાની સંભાવના વધે છે. વિશેષ સહયોગ, માર્ગદર્શન મળશે.

**સિંહ** : આર્થિક ઉન્નતિ થશે. નોકરીમાં સ્થાનાંતરણનો યોગ બનશે. શારીરિક સુખ પ્રાપ્તિનો યોગ. સામાજિક અને રાજકીય ક્ષેત્રમાં પદ-પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યો છે.

**કન્યા** : યોગ્ય દિશામાં પ્રયત્ન કરવાથી અટકેલા નાણાં પાછા મળશે. ઉપરી અધિકારીઓ દ્વારા આપના પર કાર્યભાર વધી શકે છે. માનસિક શાંતિ જાળવી રાખવી.

**તુલા** : જ્ઞાન શોધના કાર્યોમાં આપનું મન પરોવાશે. ધ્યાન, ગહન શોધ, જ્ઞાન, ગુપ્ત જ્ઞાન સંબંધી કાર્યોમાં તમે જોડાઈ શકો છો. અટવાયેલા કાર્યોમાં આપના કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિણામ પ્રાપ્ત થઈ શકે છે.

**વૃશ્ચિક** : વ્યાપારમાં પ્રગતિ જણાય. આરોગ્ય પ્રત્યે બેદરકારી ન રાખવી. નવા વાહનની ખરીદી થઈ શકે છે. સામાજિક અને ધાર્મિક કાર્યોથી તમને યશ અને સન્માન પ્રાપ્ત થઈ શકશે.

**ધન** : આવકના નવા સાધનો પ્રાપ્ત થશે. આપ પોતાની બુદ્ધિના ઉપયોગથી કાર્યમાં વિકાસ સાધી શકશો. હિતશત્રુઓ દ્વારા હાનિ થવાની સંભાવના રહેલ છે.

**મકર** : રોજગારીક્ષેત્રમાં નવા રસ્તાઓ તમને મળી શકે છે. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. આપના પ્રયાસોથી વ્યાપારને ટોચ પર પહોંચાવી શકશો.

**કુંભ** : આપને નાણાંકીય મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. નાણાંકીય કાર્યોમાં સંશોધન થશે. વેપારમાં રોકાણ વિચારીને કરવું. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે.

**મીન** : તમારી મિલનસારિતા અને ધૈર્ય તમને સમાજ અને પરિવારમાં આદરમાન અપાવશે. સામાજિક અને રાજકારણ ક્ષેત્રમાં માન-પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થઈ શકશે.

## ચિરવિદાય

- સ્વ. જશુભાઈ જોઈતારામ પટેલ (ઉ.વ.૭૫) પ્લોટ નં. ૧૦૪૮/૧, સેક્ટર-૩ડી, ગાંધીનગર
- સ્વ. મણીબેન મોતીભાઈ રાવળ (ઉ.વ.૯૦) સેક્ટર-૨૪, ઈન્દિરાનગર છાપરાં, ગાંધીનગર